

# Student And Teacher

# પ્રસ્તુતકર્તા

ગોંડલિયા પુરણ એ.

આસિ.શિક્ષક

ધરમપુર પ્રા.શાળા

બાલ દેવો ભવ



Believe in the Best & Better Than the Best

આ પ્રેઝન્ટેશનને
ફુલ સ્ક્રીનમાં જોવા માટે
Ctrl + L દબાવો.

શું આપણે ક્યારેય વિચાર્યું છે કે ખરેખર વિદ્યાર્થીઓ આપણી પાસે શાની અપેક્ષા રાખે છે?

આ સ્લાઇડ શો કોઇ શિક્ષકની લાગણી દુભાવવા માટે નથી,પણ આપણા અંતરઆત્માને એક સવાલ પૂછવા માટે છે કે-“હું કયાંક આમાં તો નથી ને..!”

મલ્લિકા સારાભાઈ

લેખિકા પ્રતિષ્ઠિત અભિનેત્રી અને એક્ટિવિસ્ટ છે.

letter2editor@bhaskarnet.com




 જ્ઞાનનો કચરો ખાનારો પોપટ શું બોલે ?

**શિક્ષણ એક 'ધંધો' બની ગયો છે, પૈસો કમાવવાનો આ કીમિયો સ્વીકારી લેવામાં આવ્યો છે. જેટલા સ્નાતકો બહાર પડે છે તેમને રોજગાર મળે તેમ નથી. છેવટે સમસ્યાની જેમની તેમ જ?**

# વિદ્યાર્થીની આજે કોને પડી છે?

આપણી શૈક્ષણિક સંસ્થાઓનાં સ્થાપકો ધનિક થઈ ગયા છે. શિક્ષકો ભણાવે છે અને ટ્યૂશનના વર્ગો ચાલે છે તેઓ પણ ધનિક થઈ ગયા છે, ગણવેશ, પુસ્તકોવાળા, શાળાનાં ઈન્સ્પેક્ટરો, બધા જ અમીર - ધનિક થઈ ગયા છે.

દેશમાં ચાલતી વિવિધ જ્વલંત ચર્ચાઓમાં અત્યારે શિક્ષણની ચર્ચા-એમાંય પ્રાથમિક અને સ્થાનિક સ્તરે શિક્ષણની વાત મોખરે થાય છે. શિક્ષણનો અધિકાર, શાળા સ્તરે 'કૂપન'માં થતા પ્રયોગો, સત્ર વિરુદ્ધ અભ્યાસગાળો, પર્સેન્ટાઈલ વિરુદ્ધ માર્ક્સ. 'આંતરરાષ્ટ્રીય શાળાઓ' અને શંકાસ્પદ- અસ્પષ્ટ સંપત્તિ ધરાવતી કોલેજો તો બિલાડીના ટોપની જેમ વધવા લાગ્યા એટલી હદે કે એક મંત્રીને પણ કહેવું પડ્યું કે આજે આપણી પાસે જેટલી કોલેજો છે એ પૂરતી નથી, આપણા કુશળ સમાજની માંગને પહોંચી વળવા માટે વીસ વરસમાં ચાર ગણી વધારે કોલેજોની જરૂર પડશે. આ શિક્ષણ એક 'ધંધો' બની ગયો છે, પૈસો કમાવવાનો આ કીમિયો બધાઓ દ્વારા સ્વીકારી લેવામાં આવે છે. એ જ સમયે આપણે એ પણ માનવું પડશે કે મહાવિદ્યાલયોમાંથી જેટલા પણ સ્નાતકો બહાર પડે છે તેઓ રોજગાર મેળવી શકે તેવું તો છે જ નહીં. તો અંતતઃ સમસ્યાની જેમની તેમ જ?

નવજાગૃતિકાળનાં મારા પ્રિય લેખક રવીન્દ્રનાથ ટાગોરને માટે યોજાનાર એક અંગત ઉજવણી કાર્યક્રમના ભાગરૂપે હું અત્યારે એમનાં લખાણોમાં ડૂબેલી છું. એમની જ એક કહાણીથી હું હતપ્રભ થઈ ગઈ કે જેમાં આજના શિક્ષણનું પ્રતિબિંબ દેખાયું. જેનું મૂલ્યાંકન આપણે મોટા ભાગના લોકો કરીએ છીએ.

એક રાજા હતો તેની પાસે ખૂબ સમૃદ્ધિ હતી પણ એને એક વાતનો ખૂબ જ રંજ હતો કે એનો પોપટ બોલી નહોતો શકતો. તેમણે રાજપંડિતને બોલાવી એ પૂછ્યું કે આમાં શું થઈ શકે? પંડિતે તરત જ કહ્યું કે આ પોપટ માટે એક મહાન યજ્ઞ કરવો પડશે.

હજારો પંડિતોને બોલાવવામાં આવ્યા, લાખોના પ્રમાણમાં ઘી, લાકડાં, યજ્ઞસામગ્રી વગેરે મંગાવ્યા અને એક પ્રચંડ યજ્ઞ શરૂ થયો. જે લોકોએ આ યજ્ઞમાં સાજ - સામગ્રીઓ આપી, તેઓ અચાનક અમીર થઈ ગયા અને ખૂબ મોટી મોટી સંપત્તિઓ મેળવીને તેઓ સુખેથી જીવવા લાગ્યા. યજ્ઞ પૂરો થઈ ગયા પછી પોપટને માટે એક સોનાનું પાંજરું



બાંધવું પડ્યું. સોનીઓ અને લુહારો આ પ્રક્રિયામાં જોડાયા અને ધનવાન થઈને ઘરે ગયા. પોપટને પાંજરામાં મૂકવામાં આવ્યો. પછી પેલા પંડિતોએ જાહેર કર્યું કે હવે સમગ્ર વિશ્વનાં સાહિત્યોને નાના અમથા કાગળમાં લખીને અપાય અને તે કાગળો પોપટને ખવડાવીને તેને બુદ્ધિ આપી શકાય. સમગ્ર વિશ્વમાંથી લહિયાઓ બોલાવીને આ મહામહેનતુ કામ સોંપવામાં આવ્યું અને લહિયાઓ પણ એમની આવનારી પેઢીઓ માટે નક્કી પુષ્ટ કરવા લાગ્યા. પોપટને તો પાંજરું ગમતું જ ન હતું. એ તો પાંખો ફફડાવ્યા કરતો, ઉડાઉડ કર્યા કરતો, એટલે પોપટની પગની બેડીઓ બનાવવા લુહારને બોલાવવામાં આવ્યા. એ લોકો પણ ધનવાન થઈ ગયા, પણ પોપટ તો પહેલાંની જેમ જ બેચેન રહેવા લાગ્યો... હવે વાળંદને બોલાવી ને એની પાંખો કાપવામાં આવી, વાળંદ પણ બની ગયો ધનવાન. થોડાક અરસામાં જ્યાં પોપટને બોલવાનું શિખવાડવામાં આવતું હતું ત્યાં તો મેળો જામી ગયો, ખાણીપીણીવાળા, મનોરંજનવાળા અને એની સાથે જોડાયેલા લોકો પણ સંપત્તિ બનાવવા લાગ્યા કેમ કે ત્યાં ચાલતા તમાશાને જોવા ખૂબ લોકો ઊમટવા લાગ્યા હતા.

એક દિવસ રાજાએ પોતે ત્યાં જઈ અને શું પ્રગતિ થઈ છે એ જાણવાનું નક્કી કર્યું... એ તો પહોંચી ગયા એ મેળાના સ્થળ પર, આ બધો તામઝામ જોઈને રાજા તો ખૂબ ખુશ થઈ ગયા... 'અરે અહીં તો બહુ બધી પ્રવૃત્તિઓ ચાલે છે...! બહુ જ સરસ...!' રાજાની ખુશીને અવગણીને એક શાણા મંત્રીએ સલાહ આપી કે તમારે ખરેખર તો અંદર જઈને પોપટની પરિસ્થિતિને જોવી જોઈએ... પણ રાજાએ એને અવગણ્યો.

'પંડિતો અને લહિયાઓ પોપટને આખા ય વિશ્વનાં 'જ્ઞાન'નો કચરો ખવડાવતા રહ્યા ને પોપટ તો સાવ સૂકાતો ગયો. ન ઊડી શકે, ન બોલી શકે. લોકોની ભીડ થવાથી શ્વાસ પણ ન લઈ શકે... પણ પેલા તો એ બિચારાને વધારેને વધારે કાગળ ખવડાવતા જ ગયા. વિદ્વાન પંડિતોએ પોપટને 'ખાતો-પીતો' કરી દીધો અને એ 'ધરાયેલા' મૃત પોપટને લઈને વાજતે ગાજતે રાજા પાસે પહોંચી ગયા. રાજા પણ 'જ્ઞાની' પોપટની એક ઝલક જોવા આવેલા લોકની ભીડ જોઈને ખુશ-ખુશાલ થઈ ગયા. એમણે પોપટને ટેરવાથી સહેલાવ્યો પણ પોપટ તો ચૂપનો ચૂપ. એમણે પૂછ્યું.... 'કેમ પંડિતો આ પોપટ હજી બોલતો નથી...?' પંડિતોએ કહ્યું 'આ તો એટલું બધું ભણી ગયો છે કે તે બોલવાની જરૂર જ નથી.! મહારાજ પ્રસન્ન થઈને તેમના કક્ષમાં જતા રહ્યા, એ માની ગયા કે એમણે એક પોપટને 'બોલતો' કરી દીધો....


આપણી શૈક્ષણિક સંસ્થાઓનાં સ્થાપકો ધનિક થઈ ગયા છે. શિક્ષકો ભણાવે છે અને ટ્યૂશનના વર્ગો ચાલે છે તેઓ પણ ધનિક થઈ ગયા છે, ગણવેશ બનાવવાવાળા, પાઠ્યપુસ્તકોવાળા, શાળાનાં ઈન્સ્પેક્ટરો, પરીક્ષા બોર્ડનાં ઈન્સ્પેક્ટરો- બધા જ અમીર - ધનિક થઈ ગયા છે. પણ કોઈ વિદ્યાર્થીઓને માટે ચિંતિત છે? જે છે એ આ બધાંની વચ્ચે માનસિક શૂન્યતામાં ઢળી પડેલા છે...?


કલ્પના તો કરો ટાગોર - એક દૂરંદેશીની... જેમણે આજથી સો વરસ પહેલાં આ વાર્તા લખી હતી..!

# વિદ્યાર્થીઓના જીવન ઘડતરનું સ્ટીયરીંગ આપણાં હાથમાં છે.



આપણે કોઇના જીવનનું યોગ્ય ઘડતર કરીએ તો કેવું સારું...




ગિજુભાઈ બધેકા ગુજરાતી સાહિત્ય પરિષદ

બાળકને મન શિક્ષક એટલે બધું જ ,પણ આપણી જાતને આપણે કયારેય પૂછયું છે કે

**આપણે મન બાળક એટલે.....?**

# બાળકને મન......................


I Will respect my teache
I Will respect my teache
I Will respect my teache
I Will respect my teach
Conservatives

બાળકના એક આંસુની કિંમત આપણે મન કેટલી છે..?



સતત એકધારા કોઈને સાંભળવાનું થાય તો આપણી હાલત પણ આવી જ કંઈક હોય છે તો બાળકનું શું થતું હશે????




- સર,મને પૂછો...મને પૂછો ને...



સર પોતે આખો દિ’ મોબાઈલમાં જ હોય અને
અમે જરાક આમ જોઈએ તો પાછા ખીજાય છે..



# હું સાતમા ધોરણમાં આવ્યો પણ મને વાંચતા તો ના આવડયું...



સાહેબ,તમે આવા પ્રયોગ રોજ કરાવતા હોય તો....




# સાહેબ,સારા અક્ષર કરવા પેન કેમ પકડાય ?કહો ને...!





હું ભણાવુ ત્યારે કોઇએ વચ્ચે કાંઇ પણ પૂછવું નહી....






# બોર્ડમાં લખવાનું તો મને બહુ ગમે હો...



# આમાં લખવાની તો મજા આવે છે હો ...



- મારા સર બહુ સારા છે.અમારું કેટલું ધ્યાન રાખે છે.!



- જો બેટા, નિશાળે ટીચર કહે તેમ કરજે હો,તને બધું આવડી જશે




હવે મારા વજન કરતા તો મારી આ બેગનું વજન વધતું જાય છે



# આ નવા સર તો બહુ સારા લાગે છે..




મારે ભણવું છે,હું ખુબ મહેનત કરીશ.,મારે
મારા સર જેવું હોશિયાર બનવું છે.

વાર્તા  સાંભળવી તો અમને બહુ ગમે સર,
આજે વાર્તા સંભળાવો ને ....



- પછી શુ થયું સર વાર્તામાં ?



- અમને ગમે છે અમારી શાળા,જયાં ભણવાની અમને મજા પડે છે.




આપણો એક જ અયોગ્ય શબ્દ બાળકને નિરાશામાં ધકેલી શકે છે.



સાહેબે આ શું લખ્યું હશે,ઉકલતું પણ નથી.સરના અક્ષર પણ..................




બે વાર સમજાવવા છતાં નથી સમજાતુ ગધેડાઓ ...?



સાહેબે મને ૨૦ વખત પાઠ લખવા કહ્યું છે ક્યારે લખાશે?



આ સ્પેલીંગ યાદ રહેતા નથી,પાકા નહી થાય તો ૨૦ વાર લખવાના આવશે......શું કરું?



For

More Presentation

Log On to

www.pgondaliya.com

ગોંડલિયા પુરણ એ.

# હાય રે લેશન ..........



પ્રશંસાના બે બોલ બાળકના મનને નવી દિશા આપે છે.



# હવે તો અમનેય કોમ્પ્યુટર આવડી જાહે



નહી,મે બોર્ડમાં
લખ્યું છે એજ સાચું

સર,નવનીતમાં
તો દાખલાનો
જવાબ કંઈક
જુદો છે.



સર ભણાવે છે તેમાં કોઇનું ધ્યાન તો નથી,તોય સર તો.....................



કોઇએ જરા પણ અવાજ કરવો નહી મારા તાસમાં......



# કોમ્પ્યુટર શીખવાનું તો મને બહુ ગમે



# નથી શીખવું મારે.........



એક લાફો મારીશ,જો સામું બોલ્યો છે તો,
સ્પેલીંગ તો આવડતા નથી.




# આપણે આપણા બાળકોને ઘરે કેટલા પ્રેમથી શીખવીએ છીએ,.....!



બાળકના મનમાં કેટલાય સપનાઓ હોય છે.



# દરેક બાળક સર્જનશીલ હોય છે,જરૂર છે માત્ર યોગ્ય દિશાદર્શનની.



The child who has difficulty learning or remembering certain things may show unusual skills or talents in other ways. In some ways, he may prove to be more intelligent than average.

# રોજ થોડીવાર રમવાનું મળે તો કેવું સારું



# આ સાહેબ તો વર્ગમાં આવતા વેંત સીધા પાઠ જ લખવા આપી દે છે.




# બાળક હંમેશા પ્રેમ ઝંખે છે.





નવી નવી ચોપડીઓ વાંચવાની બહુ મજા આવે છે.

લખી નાખુ જેવું આવડે તેવું સાહેબ લીટો મારી દેશે,ઇ કયાં વાંચે છે....!



# કોણ અવાજ કરે છે???



# સાહેબ,આજે ભણાવું નથી,કંઈક નવી રમત રમાડો ને……..



# આવું તો અમને અમારા સાહેબે કયારેય નથી પૂછયું.!



# ચિત્રો સાથે તો ભણવાની બહુ  મજા આવે છે



ગામમાં બધાય વાતું કરે છે કે આપણી નિશાળમાં નવા કોમ્પ્યુટરો આવ્યા છે,સાચી વાત છે?



આને શું કહેવાય ટીચર?



# ટીચર,તમે ભણાવો છો પણ અમને તો કંઇ સમજાતું જ નથી.






Created By : Gondaliya Puran